INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩૦-૭-૨૦૨૪**

ગઈકાલે ઘેડ વિસ્તારના સેંકડો ખેડૂતો સ્વખર્ચે જૂનાગઢ કલેકટર કચેરીએ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોમાં ઘેડના પ્રાણ પ્રશ્ન માટે લડાઈ કરવાનો જુસ્સો ખૂબ અનેરો હતો. તેઓની મુખ્ય ચાર માંગણીઓ નીચે મુજબ છે -

૧. ઘેડ વિકાસ નિગમ બનાવવામાં આવે દર વર્ષે બજેટમાં અલાયદું ફંડ તેમાં ફાળવવામાં આવે.

૨. ઘેડનો પ્રાણ પ્રશ્ન તાત્કાલિક ઉકેલવામાં આવે.

૩. ઘેડમાં નુકશાની પેટે રૂ. ૫૦૦-૬૦૦ કરોડનું સ્પેશિયલ પેકેજ આપવામાં આવે.

૪. ઊબેણમાં ઠાલવવામાં આવતું કેમિકલ સદંતર બંધ કરવામાં આવે.

કિસાન કોંગ્રેસના ચેરમેન શ્રી પાલભાઈ આંબલિયા, પૂર્વ ધારાસભ્યશ્રી લલિતભાઈ વસોયા, ભીખાભાઈ જોશી, ભરતભાઈ અમીપરા, કેશોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી ડી. કે. પીઠીયા, મેંદરડા તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી ધીરુભાઈ કુંભાણી, માંગરોળ તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી મોહનભાઈ કિન્દરખેડીયા, કુતિયાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી અરજણભાઈ સોલંકી, જૂનાગઢ શહેર પ્રમુખશ્રી મનોજભાઈ જોશી, પરેશ ગૌસ્વામી (હવામાનશાસ્ત્રી), કાનભાઈ રામ, મહેશ કરંગીયા, આશીષ પીઠીયા, રણમલભાઈ ઓડેદરા, કાનભાઈ જલુ, ચેતનભાઈ ગઢિયા, પી. આર. જાડેજા, અમિત પટેલ, પ્રવીણ પટોડીયા, રામભાઈ નંદાણીયા (પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય) વિગેરે આગેવાનો ખેડૂતોના પ્રશ્ને લડતમાં જોડાયા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા લોકોના પ્રશ્નો માટે રોડ ઉપર ઉતરી પ્રજાના અવાજને વાચા આપવા કોંગ્રેસજનોને જે અપીલ કરેલ છે તેના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં કોંગ્રેસ તરફથી કાર્યક્રમો અપાઈ રહ્યા છે.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા